## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




બેટા... તમે મંદિરમાં આવો... અહી મંદિર પરીસરમાં તમારા માટે જ ફ્રી વાઈ-ફાઈ ઝોન બનાવ્યો છે...

# આજે ગાંધીનગર સત્યાગ્રહ છાવણીથી 'લોકશાહી બચાવો ખેડૂતોના દેવા માફી'ની માંગ સાથે 'ખેડૂત આક્રોશ રેલી'

"લોકશાહી બચાવો-ખેડૂતોના દેવા માફી" ની માંગ સાથે આવતીકાલે ગાંધીનગર, સત્યાગ્રહ છાવણીથી "ખેડૂત આક્રોશ રેલી" અંગે રાજીવ ગાંધી ભવન ખાતે પત્રકાર પરિષદને સંબોધન કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અમીત ચાવડાએ જણાવ્યું હતું કે, રાજ્યમાં ભાજપ સરકારની ખેડૂત વિરોધી નીતિના કારણે ખેડૂતો આર્થિક પાયમાલીમાં ધકેલાઈ ગયા છે. મોંઘા બિયારણ, મોંઘુ ખાતર, મોંઘી વીજળી પછી ખેડૂતોને ખેતપેદાશોના પૂરતા ભાવ મળતા નથી. ખેડૂતોના દેવા માફ નહીં કરવામાં આવે તેમજ ખેડૂતોની માંગણીઓ જેવીકે દરરોજ ૧૬ કલાક વીજળી,ખેત પેદાશોના પોષણક્ષમ ભાવ,પાક વીમાની ચુકવણી સહિતના પ્રશ્નોનું નિરાકરણ નહીં કરનાર ભાજપ સરકારની ખેડૂત વિરોધી નીતિ સામે "ખેડૂત આક્રોશ રેલી" સત્યાગ્રહ છાવણી, સેક્ટર-૬, ગાંધીનગર ખાતે કાર્યક્રમ યોજાશે.

કેન્દ્રની ડૉ. મનમોહનસિંહના વડાપ્રધાન પદે અને યુપીએ ચેર પર્સન શ્રીમતી સોનિયા ગાંધીના નેતૃત્વમાં દેશના ખેડૂતોના હિતમાં ૭૧,૦૦૦ કરોડના દેવામાફીનો ઐતિહાસિક નિર્ણય કરીને અમલ કરવામાં આવ્યો હતો. જે રીતે પંજાબ તેમજ કર્ણાટકની કોંગ્રેસની સરકારોએ ખેડૂતોના દેવા માફ કરી જગતના તાતનું ઋણ ચૂકવ્યું છે તેવી જ રીતે ગુજરાત સરકાર પણ ગુજરાતના ખેડૂતોનું સંપૂર્ણ દેવું માફ કરી ખેડૂતો સાથે ન્યાય કરે.

"લોકશાહી બચાવો-ખેડૂતોના દેવા માફી" ની માંગ સાથે આવતીકાલે ગાંધીનગર, સત્યાગ્રહ છાવણીથી "ખેડૂત આક્રોશ રેલી" અંગે રાજીવ ગાંધી ભવન ખાતે પત્રકાર પરિષદને સંબોધન કરતાં વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી પરેશ ધાનાણીએ જણાવ્યું હતું કે, રાજ્યની ભાજપ સરકારની વિશેષતઃ ખેડૂત વિરોધી અને પ્રજા વિરોધી નીતિ અને સરમુખત્યારશાહી વલણને લીધે રાજ્યના ખેડૂતો સહિત સમગ્ર પ્રજા ત્રસ્ત બનેલી છે. ખેડૂતો પાકવીમા, વીજળી, ખેતપેદાશોના અપૂરતાં ભાવ સહિત અનેકવિધ સમસ્યાઓથી ઘેરાયેલાં છે ત્યારે રાજ્ય સરકારે સત્વરે ખેડૂતોના દેવા માફીનો નિર્ણય લેવાની જરૂર છે. બીજી બાજુ, સરકારના પ્રજા વિરોધી નિર્ણયો સામે વિરોધ વ્યક્ત કરવાની પ્રજાની મૂળભૂત સ્વતંત્રતા ઉપર પણ કાપ મૂકવામાં આવ્યો છે અને રાજ્ય સરકારે વિરોધ વ્યક્ત કરનારાઓ સામે પણ પ્રતિબંધક કાનૂની જોગવાઈઓનો બેફામ દુરુપયોગ કરવાનું વલણ અપનાવ્યું હોવાથી પ્રજામાં ભય અને દહેશતનું વાતાવરણ પેદા થયું છે.



શહેરના ન્યુ ગાંધીનગર વિસ્તારના કુડાસણ ખાતે ગણેશોત્સવમાં શ્રદ્ધાળુઓ ગણેશભક્તિમાં લીન થવા પામ્યા છે. સિદ્ધિવિનાયક ગણદેવતાને પૂજા-આરતી સાથે વિવિધ ભોગ હેતપૂર્વક ધરાવાઈ રહ્યાં છે.

# કેન્દ્રીય વિદ્યાલયના બે વિદ્યાર્થીઓનો શ્રી વલ્લભ સ્તોત્ર પઠનમાં ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર,તા.૧૭

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ, ગુજરાત પ્રદેશ,



વ્રજધામ હવેલી માંજલપુર, વડોદરા ખાતે તાજેતરમાં પુષ્ટિમાર્ગીય વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં કિર્તન સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, શ્રી વલ્લભ સ્તોત્ર પઠન સ્પર્ધા, આરતી સ્પર્ધા સહિતની સ્પર્ધામાં રાજયભરમાંથી હજ્જારો સ્પર્ધક હાજર રહ્યા હતા. વિવિધ વય જુથ પ્રમાણે સ્પર્ધાનું આયોજન કરાયું હતું. તેમાં કેન્દ્રીય વિદ્યાલય નં-૩ ગાંધીનગર આર્મી કેન્ટમાં અભ્યાસ કરતા વેદાંત જાની તથા કેન્દ્રીય વિદ્યાલય નં-૧ સેકટર-૩૦ માં અભ્યાસ કરતા તીર્થરાજ જાનીને શ્રી વલ્લભ સ્તોત્ર પઠન સ્પર્ધા (૨૦૧૮) વયજુથ-૧ (ઉ.૭ થી ૧૦)માં બીજો નંબર તેમજ વેદાંત જાનીને પ્રથમ નંબરે વિજેતા ભાગ્યશાળી બન્યા છે. દરેક વિજેતાઓને પૂ.ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજેશકુમાર મહારાજ દ્વારા પુરસ્કૃત કરી પ્રમાણપત્ર આપવામાં આવ્યા છે.



## મહાત્મા મંદિર ખાતે કેપીટલ ડેકોર-૨૦૧૮નો ઉદઘાટન સમારોહ યોજાયો

મંડપ હાયરર્સ ઈલેકટ્રીકલ એસોસીએશન (ગુજરાત) નું ૨૬ મું અધિવેશન કેપીટલ ડેકોરનું ઉદ્‌ઘાટન સમારોહ આજરોજ સવારે મહાત્મા મંદિર ખાતે આમંત્રિત મહેમાનના હસ્તે યોજાયો હતો.જેમાં રાજયભરમાંથી લાઈટ, મંડપ, ડેકટોરેશન તેમજ ઈલેકટ્રીકના વેપારીઓ ઉમટી પડ્યા હતા. મહાત્મા મંદિર ખાતે વિવિધ ઉભા કરવામાં આવેલા સ્ટોલમાંથી વેપારીઓ દ્વારા ચીજવસ્તુઓની પણ ખરીદી કરવામાં આવી હતી.

# ગુરૂવારે આઈટીઆઈ ખાતે મેગા એપ્રેન્ટીસ ભરતી મેળાનું આયોજન

ગાંધીનગર, તા. ૧૭

ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈટીઆઈ) ગાંધીનગર ખાતે કલેક્ટર કચેરી, ગાંધીનગરનાં સહયોગથી ૨૦-૯-૨૦૧૮ને ગુરૂવારનાં રોજ મેગા એપ્રેન્ટીસ ભરતીમેળાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં વિવિધ ક્ષેત્રની નામાંકિત કંપનીઓ દ્વારા જુદા જુદા ટ્રેડમાં એપ્રેન્ટીસની ભરતી કરવાની છે. આથી એપ્રેન્ટીસ તરીકે જોડાવવા ઈચ્છુક ધો. ૮ પાસથી સ્થાતક, આઈટીઆઈ, ડીપ્લોમાં તથા ડીગ્રી એન્જીનીયરીંગ પાસ ઉમેદવારોને આ એપ્રેન્ટીસ ભરતી મેળામાં ભાગ લેવા જરૂરી પ્રમાણ પત્રો સાથે તા. ૨૦-૯-૧૮ના રોજ સવારે ૧૦ કલાકે હોસ્ટિલ બિલ્ડીંગ, ઔદ્યોગિક તાલીમ સંસ્થા, સે. ૧૫, ગાંધીનગર ખાતે હાજર રહેવા જણાવવામાં આવે છે.

### બોગસ ફાળવણી પત્ર કૌભાંડમાં

# આરોપી ઉમેદવારોની પોતે છેતરાયા હોવાની કેફિયત..!

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના જૂનિયર ક્લાર્કનાં બોગસ ફાળવણી પત્રો લઈને વિવિધ ખાતાઓમાં હાજર થવા જતા પકડાઈ ગયેલા ૯ ઉમેદવારોની વધુ પૂછપરછ માટે પોલીસે કોર્ટમાં પાંચ દિવસના રિમાન્ડની માગણી કરી હતી. પકડાયેલા ઉમેદવારો કે જે અત્યારે હાલ આરોપી છે તે પોતે છેતરપિંડીનો ભોગ બન્યા હોવાની કેફિયત તેમણે આપી છે. કોર્ટે ઉમેદવાર આરોપીઓના રિમાન્ડ નામંજૂર કર્યા છે અને તમામને જુડિશ્યલ-કસ્ટડીમાં મોકલી આપ્યા છે. તો બીજી તરફ પકડાયેલા ઉમેદવારોના ઈન્ટ્રોગેશનમાં ગાંધીનગરની એક મહિલા સહિત ત્રણ શખ્સો તથા બનાસકાંઠા અને સાબરકાંઠાના એક-એક શખ્સો મળીને પાચ સૂત્રધારોના નામ ખુલવા પામ્યા

**છેતરાયેલા ઉમેદવારોના રિમાન્ડ નામંજૂર : ગાંધીનગરની એક મહિલા સહિત પાંચ સુત્રધારોના નામ ખુલ્યા : મોટા માથાઓના નામ બહાર આવે તેવી શક્યતા**

છે. આ પ્રકરણમાં અન્ય કેટલાક મોટા માથાઓના નામ ખૂલે તેવી પણ શક્યતા છે.

બોગસ ફાળવણી પત્ર લઈને સરકારી મેળવવા પહોંચી ગયેલા નવ ઉમેદવારો સેક્ટર-૭ પોલીસના સકંજામાં છે. આ ઉમેદવારોની વધુ પૂછપરછ માટે પોલીસે ગાંધીનગર ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં આજે તમામને રજૂ કર્યા હતા. પકડાયેલા ઉમેદવારો મહિલા સૂત્રધાર સરોજબા, બાપુ, ધર્મેન્દ્રસિંહ સહિત ગાંધીનગરના ત્રણ અને સાબરકાંઠા તથા બનાસકાંઠાના એક-એક એમ કુલ પાંચ સૂત્રધારોના નામ આપી રહ્યા છે. જે શખ્સોએ તેમના ઉમેદવારો પાસેથી લાખો રૂપિયા પડાવ્યા છે. જોકે આ સૂત્રધારો ના પુરા નામ ઠામ પકડાયેલા ઉમેદવારો આપી ન રહ્યા હોવાનું અને પોલીસને પૂછપરછમાં સહકાર આપતા ન હોવાનું કહી પોલીસે કોર્ટ સમક્ષ આરોપીઓના પાંચ દિવસના રિમાન્ડની માગણી કરી હતી. પકડાયેલા ઉમેદવારોના વકીલ ધવલભાઈ મહેતાએ ક્રોસ દલીલ કરી હતી કે આ નવ ઉમેદવારો આરોપીઓ નહીં પરંતુ ભોગ બનનાર વ્યક્તિઓ છે અને તેઓ કોઈ રીઢા ગુનેગાર નથી. પોલીસને તપાસમાં સંપૂર્ણ સહકાર આપી રહ્યા છે અને તમામ સૂત્રધારો ના પુરા નામ ઠામ આપી એક સૂત્રધારને તો તેમના જ વાલીઓએ પકડીને પોલીસને સોંપ્યો છે. આ વાતની કબૂલાત પોલીસ એ પણ કરી હતી.

ગાંધીનગર કોર્ટે તમામ નવ ઉમેદવારોના રિમાન્ડ નામંજૂર કરી જ્યુડિશીયલ કસ્ટડીમાં મોકલી આપ્યા છે. પકડાયેલા ઉમેદવારો જે રીતે એક પછી એક ખુલાસા કરી રહ્યા છે તે જોતા પોલીસની તપાસમાં ગાંધીનગરના જ અન્ય કેટલાક મોટા માથાઓના નામ આ કૌભાંડમાં ખુલે તેવી શક્યતા છે.

# આર્યસમાજ મંદિરે પર્યાવરણ જાળવણી અંગે જાગૃતિ વક્તવ્ય યોજાયું

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરના સેક્ટર-૨૪માં આર્યસમાજ મંદિર ખાતે રવિવારે



તા. ૧૬મી સપ્ટેમ્બર વિશ્વ ઓઝોન દિવસ નિમિત્તે પર્યાવરણ જાગૃતિ વક્તવ્યનું આયોજન કરાયુ હતું. સાપ્તાહિક યજ્ઞ બાદ યોજાયેલા આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા પદે નિવૃત્ત વન અધિકારી હેમંતભાઈ સુથારે રોજબરોજના જીવનમાં પર્યાવરણની જાળવણી માટે રાખવાની સાવચેતીઓ અંગે શ્રોતાઓને માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

કાર્યક્રમના પ્રારંભે મહેન્દ્રભાઈ ગાંધી દ્વારા હેમંતભાઈ સુથારનું સ્વાગત કરાયું હતું. હેમંતભાઈએ પર્યાવરણની રક્ષા માટે ભારતીય સંસ્કૃતિમાં ધર્મને કેવી રીતે સાંકળી લેવામાં આવ્યો હતો તેની સમજ આપવા સાથે ઓઝોન વાયુના સ્તરમાં પડી રહેલા ગાબડાંના કારણો અને ગ્લોબલ વોર્મિંગ અંગે સમજ આપી હતી તથા શ્રોતાઓને પોતાના રોજીંદા કાર્યોમાં કચરાના યોગ્ય નિકાલથી માંડીને વૃક્ષારોપણ સુધીના ઉપાયો અંગે માહિતીગાર કર્યા હતા. આ સાથે તેમણે સ્વચ્છતા ઝુંબેશને વધુ ને વધુ સઘન બનાવવા પ્રરિત કર્યા હતા અને પ્લાસ્ટિક તથા એલ્યુમિનિયમના ઉપયોગને ટાળવા સલાહ આપી હતી. કાર્યક્રમના સમાપનો જયાબેન શુકલાએ શ્રોતાઓને પોતાનાથી જ પર્યાવરણ જાગૃતિની જવાબદારી અપનાવવા અનુરોધ કર્યોહતો. આ પ્રસંગે ભોજનદાતા રામભાઈ ચોચા તથા અરવિંદભાઈ કનાડાનું સન્માન કરાયુંહતું.



સમગ્ર ગાંધીનગર અત્યારે ગણેશમય બની ગયું છે અને દરેક શ્રદ્ધાળુ પોત પોતાની રીતે વિઘ્નહર્તાને રીઝવવા ભક્તિમાં ગળાડૂબ થઈ રહ્યાં છે. શહેરના સેક્ટર-૧૩ ખાતે આયોજિત ગણેશ ઉત્સવમાં ૧૦૦૦ લાડુનો પ્રસાદ ગણેશજીને ધરાવવામાં આવ્યો હતો.

# આજે સે. ૨૪માં આર્યસમાજ ખાતે હિન્દી નિબંધ સ્પર્ધા

### શહેરની શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓ વિનામૂલ્યે ભાગ લઈ શકશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરના સેક્ટર-૨૪માં આર્યસમાજ મંદિર ખાતે તા. ૧૮મી સપ્ટેમ્બર મંગળવારે રાષ્ટ્રભાષા હિન્દી સપ્તાહને અનુલક્ષીને સાંજે ૫ કલાકે નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ નિબંધ સ્પર્ધામાં ગાંધીનગરની શાળાઓમાં અભ્યાસ કરતા ધો. ૫ થી ૮ અને ધો. ૯ થી ૧૨ એમ બે વિભાગમાં વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે.

રાષ્ટ્રભાષા હિન્દીના પ્રચારપ્રસાર માટે આર્યસમાજ મંદિર ખાતે આયોજિત હિન્દી નિબંધ સ્પર્ધામાં ધો. ૫ થી ૮ના વિદ્યાર્થીઓ માટે નિબંધનો વિષય 'રાષ્ટ્રભાષા હમારા ગૌરવ' જ્યારે ધો. ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે નિબંધનો વિષય 'હિન્દી હૈ હિન્દ કી ધડકન' રાખવામાં આવ્યો છે. બંને વિભાગમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા બાળકોને ઈનામ વડે સન્માનિત કરવામાં આવશે જ્યારે સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને પ્રમાણપત્ર આપવામાં આવશે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે વિદ્યાર્થીઓએ સાંજે ૫ કલાકે સેક્ટર-૨૪માં આર્યસમાજ મંદિરે ઉપસ્થિત થવાનુ રહેશે. બાળકોને નિબંધ લખવા માટેના કાગળ તથા બોલપેન સંસ્થા દ્વારા પુરા પાડવામાં આવશે. સ્પર્ધામાં નામ નોંધાવવા માટે મો. નં. ૯૩૭૪૫૬૯૧૩૨, ૬૩૫૫૩૫૦૩૬૮ અને ૭૨૨૮૯૪૯૯૦૬ પર સંપર્ક સાધવા જણાવ્યુ છે.

# સે-૩ વગડાવાળા માતાજીના મંદિર પાસે કાનૂની શિબિર યોજાશે

જિલ્લા કાનુની સત્તા મંડળ ગાંધીનગર દ્વારા આગામી તા. ૨૦ સપ્ટેમ્બરને ગુરુવારના રોજ સવારના ૧૦ થી ૧૨ કલાક દરમિયાન સેકટર-૩ પાસે આવેલ વગળાવાળા માતાજી મંદિર પાસે એક કાનુની શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.આ શિબિરમાં મહિલા સશકિતકરણ તથા મહિલાઓને લગતા તેમજ સિનિયર સિટીઝનો માટેના કાનુની માર્ગદર્શન પી.એલ.વી. જયરામ સોની, દિનેશભાઈ દવે, અને અનિલભાઈ કક્કડ, દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. તો નગરજનોને આ કાનુની માર્ગદર્શન શિબિરમાં હાજર રહેવા પીએલવી દિનેશ દવે દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ચિલોડા સીનીયર સિટીઝન કલબનો શુભારંભ

ચિલોડા, તા. ૧૭

ગાંધીનગર તાલુકાના પ્રવેશદ્વાર સમા ચિલોડા ઉમિયાનગર સોસાયટી ખાતે ચિલોડા સ્થિત સીનીયર સીટીઝન ભાઈ-બહેનોના સંયુક્ત ઉપક્રમે સીનીયર સીટીઝન કલબની રચના સંદર્ભે કલબનું ઉદ્‌ઘાટન સમારોહ ગામના વડીલ અને એ.પી.એમ.સી.ના ઉપપ્રમુખ કેશવલાલ એસ. પટેલના અધ્યક્ષસ્થાને વિશિષ્ટ કાર્યક્રમ યોજાયો હતો. આ સમારંભમાં મુખ્ય મહેમાન પદે વી.કેર ફાઉન્ડેશનના ચેરમેન જે.સી. પોલ, અતિથિ વિશેષપદે પી.એલ.વી. વિમળાબેન અયામી, રમણભાઈ પટેલ (એનઆરઆઈ) લવારપુર, અસોકભાઈ વકીલ, સુધાબેન પટેલ, તાલુકા પંચાયત સદસ્ય, ગામના સરપંચ તથા મોટી સંખ્યામાં નોંધાયેલા સીનીયર સીટીઝન ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યાં હતા.

આ સમારોહમાં સૌ પ્રથમ મહાનુભાવોનું અશોકભાઈ વકીલે શાબ્દિક સ્વાગત અને પરિચય પ્રવચન આપી અભિવાદન કર્યુ હતુ. ત્યારબાદ મહાનુભાવોનું બુકેથી ઉષ્માભર્યુ સ્વાગત કર્યુ હતુ. સમારોહમાં સીનીયર સીટીજન કલબના ઉદ્‌ઘાટન પ્રસંગે દીપ પ્રાગટ્ય દ્વારા કાર્યક્રમ ખુલ્લો મુક્યો હતો. સ્વાગતવિધિમાં બાલિકાઓએ સ્વાગતગીત રજૂ કરી સ્વાગત કર્યુ હતુ. આ પ્રસંગે મહાનુભાવોનું બુકે આપી ઉસ્માભર્યુ સ્વાગત કરવામાં આવ્યું હતું.



ગાંધીનગરના શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા સેકટર-૨૨ના જૈન દેરાસર ખાતેથી તપસ્વીઓની અનુમોદનાર્થે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરાયું હતું. જેમાં સકળ જૈન સંઘના પરિવારોએ ઉમળકાભેર ભાગ લીધો હતો.


# ખોટી કમાણીથી કુટુંબ નષ્ટ થાય છે : આચાર્ય સુનીલ સાગરજી

ગાંધીનગર, તા. ૧૭

કહેવાય છે કે કફનામા ખિસ્સુ હોતુ નથી. જ્યારે વ્યક્તિ જન્મે છે ત્યારે એના તન પર ઝબલું નામનું જે પ્રથમ વસ્ત્ર ધારણ કરે છે તેમાં પણ ખિસ્સો હોતો નથી છતાયં જન્મથી મૃત્યુ બચ્ચેની આખી જિંદગી ભેગું કરવાની હાય હાયમાં પૂરી કરી નાખે છે. આચાર્ય સુનીલ સાગરજી કહે છે કે આ વધુ જાણવા છતાં વ્યક્તિ લોભ અને અસંતોષના આચરી ઉચિત-અનુચિત, હિત-અનહિત પણ વિચાર કરતા નથી વિવેકશૂન્ય બનીને અને માનવીય સંબંધોની ગરિમા તોડી ગમે તે રીતે કમાણી કરે છે પણ જીવનમાં શાંતિ સુખ બધુ જ ગુમાવી બેઠે છે.

ભવ્યજીવો મનની નિમર્ળતા અને તનની નિર્લોભતા ઉત્તમ શૌચ ધર્મના પ્રમુખ લક્ષણ છે. ઉત્તમ શૌચધર્મ પાલનારા શ્રાવક તનની નહિં મનની શુચિતા વધારવા માટે તપસ્ચર્યાનો અભ્યાસ કરે છે, પવિત્રતા મેળવી અને જાણવવીને જે પ્રાપ્ય છે એમાંય સંતોષ માને છે. પર્યુષણ પર્વ દરમ્યાન સમાજના ૬૦-૭૦ યુવાનો ૧૦-૧૦ નિર્જળ ઉપવાસની સાધના કરી રહ્યા છે.

પર્યુષણ પર્વના ચૌથા દિવસે ઉત્તમ શૌચધર્મની સાધનાના પાવન પ્રસંગે ખૂબ જ મોટો નામ ધરાવતા ગુજરાતી ફિલ્મજગતના પ્રખ્યાત ફિલ્મ અભિનેતા નરેશ કનોડિયા,



ઈડર ક્ષેત્રના વિધાયક અને તેમના અભિનેતા પુત્ર હિતુભાઈ કનોડિયા તથા તેમના મોટાભાઈ અને સંગીતકાર મહેશભાઈ કનોડિયા વગેરે મહાનુભાવો આપણી અમદાવાદ મહાનગરપાલિકાના પૂર્વ મેયર ગૌતમભાઈ સાથે તેમની પ્રેરણાથી પ્રવચન સભામાં આચાર્ય સુનીલસાગરજી મહારાજનાં દર્શનાર્થે પધાર્યા હતા. આ સભાના જાહેર મંચ પરથી ગુરુદેવે ધર્મપરાયણ આપણા વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસે તેમને ધર્મવૃદ્ધિનો આશીર્વાદ પાઠવતા કહ્યું કે તેમની શાકાહાર પ્રત્યેની લાગણી અને દૃઢતાના પ્રેરણારૂપ છે કે તેઓ સતત અને લાબાં વિદેશ પ્રવાસો દરમ્યાન પોતાની સંસ્કૃતિને ભૂલ્યા નહિં.

ઉત્તમ શૌચ ધર્મ દેહ પ્રત્યે મમત્વ અને આસક્તિ ઘટાડવાનો દિવસ તો છે જ જેના સાજ-શ્રંગારમાં લોકો જિંદગીના અમૂલ્ય પળો અને સાધન-સંસાધનો નશ્વર દેખાવ પાછળ બગાડે છે પણ આત્માની શુચિતા માટે સંતોષ ધારણ કરવાની અને લોભ છોડવાની વૃત્તિ વિકસાવવાનો ધર્મ પણ છે. લોભ અને તૃષ્ણા અંતહીન છે અને લોભ પાપનો મૂળ છે.

આપણે શરીર માટે બ્લડગ્રુપ ચેક કરીએ છીએ પણ કમાણીનો ગ્રુપ ક્યારેય ચેક કરતા નથી કે તે કેવી રીતે અને ક્યાંથી થઈ રહી છે? ભવ્ય આત્માઓ, ખોટી કમાઈથી કુટુંબ નષ્ટ થઈ જાય છે અને છેવટે ધન તથા સંતોષ બન્ને જતા રહે છે.